**DATE: 11/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# અંકલેશ્વરમાં તાંબાના વાયર સાથે બે ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

શ્રેયાંસ કંપની પાસે બાવળની ઝાડીમાં કોપરનો જથ્થો સંતાડવામાં આવ્યો હતો અને તેને સગેવગે કરવા બે યુવાનો આંટાફેરા મારી રહયાં હતાં. પોલીસે તેમને અટકાવીને ઝાડીઓમાં તલાશી લેતાં તેમાંથી 60 કિલોના તાંબાના વાયર મળી આવ્યાં હતાં. અમિત રાજપૂત અને દીપક પાટીલની અટકાયત કરી તેમની આકરી પૂછપરછ કરવામાં આવી હતી. જેમાં તેમણે ચોરી કબૂલી હતી.

**DATE: 11/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### હથુરણનો રીઢો વાહનચોર નઇમ હજી વોન્ટેડ

# અંકલે.માંથી ચોરાયેલી એક્ટિવા સાથે ભરૂચનો ઈસમ ઝડપાયો

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એલસીબીની ટીમ વિવિધ ગુના સંબંધિત પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી કે ભરૂચના ટંકારીયાનો અશરફ ઈકબાલ ડાહ્યા નંબર પ્લેટ વગરની એકટીવા લઈને ફરી રહયો છે. પોલીસે વોચ ગોઠવીને તેને ઝડપી પાડયો હતો.આ મોપેડ અંક્લેશ્વરના ઈસમની અને 2021 માં ગુલશન શોપીંગ પાસે થી ચોરી થઈ હોવાનું સામે આવ્યું હતું.મોપેડ ચોરીની હોવાની પુષ્ટિ થતા જ અશરફની કડક પૂછપરછ કરતા તે ભાંગી પડ્યો હતો એને તેણે મોપેડ સુરતના હથુરણના નઈમ ઉર્ફે શાનુ ઈકબાલ શેખ પાસેથી ખરીદી હોવાની કબુલાત કરી હતી. પોલીસે એકટીવા કબજે કરી હથુરણના ઈસમને ઝડપી પાડવાની કવાયત હાથ ધરી છે. હથુરણનો નઈમ રીઢો વાહનચોર છે અને તે 2021માં 5 અને 2022માં 10 જેટલા બાઈક ચોરીના ગુનમાંઅગાઉ પકડાઈ ચુક્યો છે.

**DATE: 11/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

## દરેક પરીક્ષા કેન્દ્ર પર પોલીસનો ચુસ્ત બંદોબસ્ત, ટ્રાફિક વિઘ્ન ન બને તેની તકેદારી રાખશે

# કોઇ પણ પરેશાની હોય તો 100 નંબર ડાયલ કરો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ નર્મદા જિલ્લામાં આજથી ધો. 10 અને 12ની પરીક્ષા શરૂ થઇ રહી છે. ત્યારે પરીક્ષાને લઇને તંત્ર દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ અપાઇ ગઇ છે. પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષા સામગ્રી સમયસર પહોંચે તે સહિત પરીક્ષા કેન્દ્ર પર આરોગ્યલક્ષી તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય તે માટેની પણ તમામ તૈયારીઓ કરાઇ છે. કેન્દ્રો પર સ્થાનિક પોલીસ સ્ટેશનોમાંથી સ્ટાફ ગોઠવાઇ દેવામાં આવ્યો છે. ત્યારે બીજી તરફ



શહેરી-ગ્રામ્ય વિસ્તારોમાં બાળકો સમયસર પરીક્ષા ખંડ સુધી પહોંચે તે માટે ક્યાંય ટ્રાફિકની સમસ્યાનું નિર્માણ ન થાય તે માટેની કવાયત હાથ ધરાશે. શહેરની તમામ ચોકડીઓ પર ટ્રાફિક પોલીસ તેમજ સ્થાનિક પોલીસની ટીમો ઉભી રહેશે અને વાહનવ્યહાર સુચારૂ રીતે ચાલે તે માટેના પ્રયાસ કરાશે. ઉપરાંત પોલીસની મોબાઇલ વાન શહેરમાં સતત ફરતી રહેશે જેથી કે કોઇ સ્થળે અચાનક જરૂરિયાત ઉભી થાય તો ત્યાં તુરંત પહોંચી શકાય.

અત્રે ઉલ્લેખનિય છે કે, હાલમાં લગ્નનો માહોલ છે. ત્યારે લોકો મોડી રાત્રી સુધી ડીજે વગાડીને ઘોંઘાટ કરતાં હોય છે. ત્યારે તે લોકોએ વિદ્યાર્થીઓને પુરતી ઉંઘ મળે તે બાબતને ધ્યાનમાં રાખી ડીજેનો ઘોંઘાટ ન કરે તે જરૂરી બન્યું છે..

### છાત્રો અટવાય તો કેન્દ્ર સુધી પહોંચાડીશું

બોર્ડની પરીક્ષા આપવા જતાં વિદ્યાર્થીઓને પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચવામાં કોઇ વિઘ્ન ન નડે તે માટેના પ્રયાસો રહેશે. ટ્રાફિક નિવારણને પ્રાથમિકતાં અપાશે. જો, કોઇ છાત્રો રસ્તામાં કે ટ્રાફિકમાં કે અન્ય કોઇ રીતે અટવાય તો તેને કેન્દ્ર સુધી સમયસર પહોંચાડવા માટેના તમામ પ્રયાસો કરાશે. પોલીસની મોબાઇલ વાન સતત વિસ્તારોમાં ફરતી રહેશે જેથી તુરંત સહાય મળી શકે. » હિતેશ ઝાલા, પીઆઇ, એલઆઇબી

**DATE: 12/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# અંકલેશ્વરમાંથી 5 ખેલી ઝબ્બે

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસી પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન સેન્ટર પોઈન્ટ પાસે જુગાર રમાઈ રહ્યો હોવાની માહિતી મળી હતી હતી. જેના આધારે દરોડો પાડતાજુગાર રમતા સંતોષ બહાદુર ચંદ ,ચક્ર કડાયટ ,અમર બહાદુર વીર ,ક્મલ બહાદુર કદાયત અને પદમ બહાદુર ભોરાને ઝડપી લીધા હતાં. પોલીસે સ્થળ પરથી રોકડા રૂપિયા અને દાવ પર લાગેલા રૂપિયા મળી કુલ 16 હજારની રોકડ જપ્ત કરી હતી તેમજ તમામ વિરુદ્ધ જુગાર ધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ આરંભી હતી.

**DATE: 13/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-08**

# ભરૂચમાં સગીરાને ભગાડી જઈ દુષ્કર્મ આચરનારા યુવકને જેલભેગો કરાયો

### **યુવકનું** મેડિકલ ચેકઅપ કરાયું, અપહરણ અને પોક્સોનો ગુનો દાખલ

ભરૂચ: ભરૂચના શક્તિનાથ વિસ્તારમાં એક સોસાયટીમાં ઘરકામ કરવા આવતી મહિલાની દીકરીને સોસાયટીનો નરાધમ મોપેડ ઉપર ભગાડી રાત્રિ દરમિયાન તેણી ઉપર બળાત્કાર ગુજાર્યો હતો. એ-ડિવિઝન પોલીસે નરાધમ સામે બળાત્કાર, અપહરણ, પોક્સો એક્ટ હેઠળ ગુનો દાખલ કરી જેલહવાલે કરી દીધો છે.


ભરૂચ એ ડિવિઝન પોલીસમથકે ભોગ બનનારની માતાએ ફરિયાદ નોંધાવી હતી, જેમાં તેણે આક્ષેપ કર્યો હતો કે, હું શક્તિનાથ નજીકની એક સોસાયટીમાં ઘરકામ કરવા આવતી હતી. અને સાથે મારી ૧૪ વર્ષની દીકરી પણ મારી સાથે જ આવતી અને તે દરમિયાન નારાયણ સ્કૂલ નજીકની સોસાયટીમાં રહેતા પરમેશ્વર પરાગ કહાર નામના યુવક સાથે સગીરા સંપર્કમાં આવી હતી. બંને એટલે કે યુવકે સગીરાને તેનો મોબાઈલ નંબર આપ્યો હોય અને બંને સંપર્કમાં રહેતા ફરિયાદીને સગીરાએ કહ્યું કે, હું આવું છું તેમ કહી રફુચક્કર થઈ ગઈ હતી.

તપાસ દરમિયાન પરમેશ્વર કહાર નામનો યુવક ફરિયાદીની દીકરીને ભગાડી ગયો હોય અને રાત્રિ દરમિયાન અંકલેશ્વર નરાધમની નાનીના ઘરે રોકાઈ સગીરા સાથે દુષ્કર્મ આચર્યુ હોવાનો ખુલાસો થતાં પોલીસે નરાધમ પરમેશ્વર પરાગ કહારની ધરપકડ કરી બંનેનું મેડિકલ પરીક્ષણ કરાવી આરોપી સામે બળાત્કાર, અપહરણ, પોક્સો એક્ટ હેઠળ ગુનો દાખલ કરી આરોપીને જેલહવાલે કરી દીધો હતો.

**DATE: 13/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-08**

# ભરૂચમાં બે વર્ષથી ઘરફોડ ચોરીના ગુનામાં વોન્ટેડ આરોપી ઝડપાયો





ભરૂચઃ ભરૂચ શહેરના એ ડિવિઝન પોલીસમથકના નિપનનગર અને અયોધ્યાનગરમાં સીકલીગર ગેંગના ત્રણ ભાઈએ ચોરીને અંજામ આપ્યો હતો. તેમાં બે ભાઈઓ પહેલા પોલીસ પકડમાં આવી ચૂક્યા છે. જ્યારે ત્રીજો ભાઈ છેલ્લાં બે વર્ષથી વોન્ટેડ આરોપી મનીંદરસીંગ પ્રિતમસીંગ સીકલીગર જંબુસરના દહેગામ હાજર હોવાથી પોલીસે તેને ઝડપી પાડ્યો હતો. જ્યારે બીજા એક બનાવમાં ભરૂચ LCBની ટીમે માહિતીના આધારે હાંસોટના આમોદ પાટિયા પાસેથી શંકાસ્પદ મોબાઇલ વેચવા ફરતા એક ઈસમ નામે અવધેશ રામબ્રીજ રાજભરને ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની અંગજડતી કરતાં તેની પાસેથી ચોરીમાં ગયેલો ગ્રે કલરનો મોટોરોલા કંપનીનો રૂ.૫૦૦૦ની કિંમતનો MOTO G૩૧ મોબાઈલ મળી આવતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાંસોટ પોલીસને સોંપવામાં આવી છે.

**DATE: 13/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### ભરૂચના જોલવા અને વાગરામાં એક જ રાત્રિમાં ATMમાં ચોરી કરી

# ગુજરાત, MP, મહારાષ્ટમાં ATM તોડી તરખાટ મચાવતી ગેંગ ઝબ્બે

### ૫ આરોપીઓની રૂા.૨૦ લાખથી વધુના મુદ્દામાલ સાથે અટક કરતી પોલીસ

। ભરૂચ ।

ભરૂચ જિલ્લામાં વાગરા તાલુકામાં વાગરા તેમજ જોલવામાં એક જ રાત્રિના સમય દરમ્યાન એટીએમ ચોરી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જો કે એક જ બનાવમાં રીઢા ગુનેગારો ચોરી કરવામાં સફળ થયા હતા. આ રીઢા ગુનેગારોને ભરૂચ જિલ્લા પોલીસવડા મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ સતત મહેનત કરી ભરૂચ જિલ્લાના પોલીસના એલસીબી, એસઓજી અને પેરોલ ફલો સ્કોડ અને અન્ય પોલીસે ઝડપી પાડયા હતા.

આ બનાવ અંગે વિગતે જોતા ગત ફેબ્રુઆરીની તા.૧૯ અને ૨૦ વચ્ચેની રાત્રિ દરમ્યાન અજાણ્યા માણસો સફેદ રંગની સ્કોર્પોયી કારમાં આવી પહોંચ્યા હતા તેમજ દહેજ પોલીસ વિસ્તારમાં આવેલ જોલવા ગામે આવેલ એટીએમ સેન્ટરમાં પ્રવેશી એટીએમ મશીનને ગેસ કટર વડે કાપવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તેવામાં સાયરન વાગતા પકડાઈ જવાની બીક લાગતા રીઢા ગુનેગારો નાસી છુટયા હતા અને તેઓએ વાગરા ટાઉનમાં આવેલ જે. બી.કોમ્પલેક્ષમાં આવેલ એચડીએફસી બેંકના એટીએમ મશીનનું ગ્રાઉટીંગ તોડી એટીએમ મશીનને સ્કોપીયો કારમાં મુકી તેમાથી રૂા.૩૫૨૫૦૦ ની ચોરી કરી નાસી ગયા હતા.

તેવામાં વાગરા તાલુકાના પીસાદ ગામની સીમમાં આરોપીઓ દ્વારા એટીએમ મશીનને કટ કરી કટ કરેલ વિવિધ ભાગો ફેંકી દેવામાં આવ્યા હતા. આ ભાગોની ઝીણવટભરી તપાસ એલસીબી પીએસઆઈ ડી.એ.તુવર અને તેમની ટીમે કરી હતી તેમજ ટેકનીકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટીલીજન્સ દ્વારા સતત તપાસ ચાલુ રાખી હતી તેવામાં નંદુરબાર ખાતે આજ પધ્ધતિથી એટીએમ મશીનનો ગુનો થયો હતો તે દરમ્યાન બાતમી મળી કે, વાગરા અને અન્ય વિસ્તારોમાં એટીએમના ગુનાઓમાં સંડોવાયેલો જણાતો આરોપી હાલ ભરૂચમાં છે.

બાતમીના આધારે આરોપીને ઝડપી પડાયો હતો તેની તપાસ કરતા આરોપી ઈરફાન ઉર્ફે રોનકે ગુનાની કબુલાત કરતા વિવિધ ગુના અને સાગરિતોની માહિતી આપતા ભરૂચ પોલીસ તંત્રએ ખુબ મહત્વની કામગીરી બજાવી એટીએમ ચોરીનો ગુનાનો પર્દાફાશ કર્યો હતો.


ભરૂચના જોલવા અને વાગરામાં એટીએમ તોડનાર ટોળકીને પોલીસે પકડી પાડી હતી.

#### ભરૂચ સબજેલમાં ટીમ બની

ભરૂચ જિલ્લા પોલીસ તંત્ર દ્વારા એટીએમ ચોરી અંગે વધુ તપાસ કરવા જતા ચોંકાવનારી વિગતો સામે આવી હતી જેમાં સલીમ ઉર્ફે મુસો જે છેતરપીંડી અને અન્ય ગુનાઓમાં સબજેલ ખાતે હતો ત્યારે આ સબજેલમાં મેવાતી ગેંગ તેમજ અન્ય રીઢા ગુનેગારોની અવારનવાર મુલાકાત થતા એટીએમ ચોરીની યોજના ભરૂચ સબજેલમાં બની હોવાની શંકા સેવાઈ રહી છે.

#### ઝડપાયેલ મુદ્દામાલ

- સ્કોર્પીયો ગાડી કિંમત રૂા.૧૦,૦૦,૦૦૦
- કિયા સેલ્ટોસ ગાડી કિંમત રૂા.૧૦,૦૦,૦૦૦
- રોકડા રૂપિયા ૧૦૬૫૦
- મોબાઈલ ફોન નંગ ૬ કિંમત રૂા.૩૦,૦૦૦

#### ઝડપાયેલ આરોપીઓ

- સલીમ ઉર્ફે મુસો અબ્દુલ સીદ્દીક ખાન, રહે. ઝીલીમીલી રોહાઉસ, તા.ઓલપાડ, જી.સુરત
- નદીમ ઉર્ફે કબીર કયુમખાન રહે.પીરામણ, તા.અંકલેશ્વ, જી.ભરૂચ
- ઈરફાન ઉર્ફે રોનક બાબાસાહેબ દાયમા, હાલ રહે.જંબુસર બાયપાસ રોડ, ભરૂચ, મુળ રહે.રેંગણ ગામ, તા.તિલકવાડા
- શ્યામલાલ ઉર્ફે રામુ શંકરલાલ, રહે.કીયાસરા થાના, રાજસ્થાન
- આમીર શાબીર નથ્થુ ખાન, રહે.મધ્યપ્રદેશ

**DATE: 13/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### પાલેજ પોલીસ સ્થળ પરથી 250 કિલો માંસનો જથ્થો જપ્ત કર્યો

# વરેડિયા ગામમાં ઘરની અડાળીમાં ગૌહત્યા કરનારા 3 શખ્સ ઝડપાયા

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચ તાલુકામાં આવેલાં વરેડીયા ગામે રહેતા આરીફ ઉમરજી પટેલના ઘરની બાજુમાં અડાળામાં ગૌહત્યા કરાઇ રહી હોવાની ચોક્કસ બાતમી પાલેજ પોલીસ મથકના ઈન્ચાર્જ પીઆઇ એસ. બી. સૈદાણેને મળતાં તેઓએ તેમની ટીમ સાથે તુરંત સ્થળ પર દરોડો પાડ્યો હતો. જ્યાં ગૌવંશની હત્યા કરી તેના માસના ટુકડા કરેલાં મળી આવ્યાં હતાં. જેથી તેમણે તુરંત વેટેનરી ડોક્ટરને બોલાવી તેમનો અભિપ્રાય મેળવતાં પ્રાથમિક દ્રષ્ટીએ જ તે ગૌમાસ હોવાનું ફલીત થયું હતું. જોકે, તેમજ છતાં સચોટ કારણ માટે તેમણે ત્યાં પડેલાં માસના ટુકડાના સેમ્પલ મેળવી તેને એફએસએલમાં મોકલી આપ્યાં હતાં. પોલીસે ઘટના સ્થળેથી અલ્તાફ ઉસ્માન સાલેહ તેમજ ઉસ્માન વલ્લી સાલેહ તેમજ આરીફ ઉમરજી પટેલની ટીમે ધરપકડ કરી ત્યાંથી કુલ 25 હજારની મત્તાનું 250 કિલો ગૌવંશના માસનો જથ્થો જપ્ત કરી તેનો નિકાલ કર્યો હતો. ઝડપાયેલાં ત્રણેય વિરૂદ્ધ પાલેજ પોલીસે હિન્દુ ધર્મના લોકોની લાગણી દુભાવી ગંભીર પ્રકારનો ગુનો કરવા સબબની ફરિયાદ નોંધી પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાથમિક પુછપરછમાં જણાવ્યું હતું કે, સારીંગ ગામના દેહા રબારી પાસેથી 20 દિવસ પહેલાં 23 હજારમાં વાછરડું ખરીદી લાવ્યો હતો.

**DATE: 14/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-09**

### રૂા. ૨૭ હજારનો ગાંજો જપ્ત

# ચાંચવેલ ગામેથી ગાંજા સાથે એક શખસ ઝડપાયો

| વાગરા |

ભરૂચ એસઓજીનો સટાફ પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે વાગરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગેરકાયદેસર ગાંજાના જથ્થા સાથે એક શખસ ફરી રહ્યો છે.બાતમીના આધારે SOGની ટીમે દરોડા પાડ્યા હતા.પોલીસે ચાંચવેલ ગામના સુલેમાન ઉર્ફે બાદશાહ અલ્લીહાજી પટેલ નાઓના મકાનમાંથી વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજો ૨.૭૬૮ કિલોગ્રામ જેની અંદાજીત કિંમત રૂપિયા ૨૭,૬૮૦ સહિત મોબાઈલ તેમજ વજનકાંટો



મળી કુલ ૨૮,૬૮૦ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.અને આરોપી સુલેમાન ઉર્ફે બાદશાહ અલ્લીહાજી પટેલને ઝડપી પાડ્યો હતો.જ્યારે વલણ ગામના ઈમરાન નામના ઈસમને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે

**DATE: 14/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### વાગરા પોલીસે ભચાઉ, ભુજમાં ધામા નાંખ્યાં

# વડોદરાના યુવાનને લૂંટી લેનારા વધુ 3 આરોપી પોલીસ સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

વડોદરાના વાઘોડિયા રોડ પર રહેતાં નીલ રવિન્દ્ર શાહ નામના યુવાનને સસ્તામાં સોનું આપવાના બહાને વાગરાના મુલેર ચોકડી પાસે બોલાવ્યો હતો. બાદ કારમાંથી બહાર ફેંકી દઈ તેની 5 લાખ રુપિયા ભરેલી બેગની લૂંટ કરી હતી. લૂંટારૂ ટોળકી પૈકીનો દિલીપ ઠક્કર ઉર્ફે ઈબ્રાહિમ જુશબશા શેખ લૂંટમાં વાપરેલી કાર સાથે ભચાઉ હોવાની તેમજ અન્ય એક આરોપી શંકર પટેલ ઉર્ફે અશોક જૈન ઉર્ફે અબ્દુલ ખાલી ઉર્ફે રઝાક અલાના સોઢા ભુજ ખાતે સંતાયો હોવાની માહિતી મળતાં ટીમોએ ત્યાંથી બન્નેની પકડી લાવી હતી. જ્યારે અન્ય એક આરોપી રીયાજખાન ઉર્ફે મુન્નો મહેબુબખાન પઠાણ અંકલેશ્વરમાં સ્ટાર એવન્યુ ખાતે રહેતો હોવાનું માલુમ પડતાં તેને ત્યાંથી ઝડપી પાડ્યો હતો.

**DATE: 14/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

### રીઢો ચોર સુરત ખાતેથી ઝડપાયો

# ઘરમાંથી ચોરેલા મોબાઈલ સાથે એક શખસ ઝડપાયો

ભરૂચ

ભરૂચ નગર અને આસપાસના વિસ્તારોમાં મોબાઈલ ચોરીની ઘટના વધી રહી છે ત્યારે આવી ઘટનાઓને નિયંત્રણ માં લાવવા માટે ભરૂચ જિલ્લા પોલીસવડા મયુર ચાવડાએ સુચના આપી જેના અનુસંધાને પેરોલ ફલો સ્કોડના પીએસઆઈ ડી.એ.તુવર ના માર્ગદર્શન હેઠળ જુદી જુદી ટીમો બનાવવામાં આવી છે. આ ટીમોએ મોબાઈલ ચોરીના ગુનાઓ શોધી નાંખવા વિવિધ પ્રયાસો કર્યા હતા જેમાં ભરૂચ ઝાડેશ્વર ચોકડી નજી આર.કે.એવન્યુ, ઝુલેલાલ હોસ્પિટલ પાછળ આવેલ ઘરમાંથી ચોરી થયેલ મોબાઈલની તપાસ ટેકનીકલ એનાલીસીસ દ્વારા કરાવતા મોબાઈલ હાલ સુરત શહેર ખાતે ચાલુ હાલતમાં હોવાનું જણાયુ હતુ. જેથી પેરોલ ફલો સ્કોની એક ટીમ સુરત શહેર જઈ તપાસ કરતા એક ઈસમ નામે અરબાજઅલી હસનઅલી શેખ, હાલ. રહે. સુરત, મુળ રહે.ઉત્તરપ્રદેશ જણાયો હતો. જેની પાસેથી ભરૂચ પેરોલફલો સ્કોડે આશરે ૨૦ હજારની કિંમતનો મોબાઈલ કબ્જે કર્યો હતો આ બનાવ અંગે કામગીરી કરવામાં પેરોલફલો સ્કવૉડના હે.કો.વિપુલભાઈ રાજેન્દ્રભાઈ તેમજ અન્ય સ્ટાફનો સમાવેશ થાય છે.

### ઝાડેશ્વર નજીક ઘરમાંથી મોબાઈલ ચોરાયો હતો

**DATE: 15/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### બટાકાની વેફરની આડમાં દારૂનું વહન, કુલ 16.57 લાખનો મુદ્દામાલ જપ્ત

# હરિયાણાથી ટેમ્પોમાં સુરત લવાતો 8 લાખનો દારૂ અંકલેશ્વર નજીકથી પોલીસને હાથ લાગ્યો

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર



ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં બુટલેગરો અવનવા કિમિયા અજમાવીને દારૂ ઘુસાડી દેતાં હોય છે. પોલીસની આંખમાં ધૂળ ઝોકવા માટે બુટલેગરો હરિયાણા, પંજાબ, મધ્યપ્રદેશ અને રાજસ્થાનથી નર્મદા અને તાપી જિલ્લાની સરહદ પર આવેલી ચેકપોસ્ટવાળા માર્ગે દારૂ ભરેલા વાહનો ગુજરાતમાં ઘુસાડી દેતાં હોય છે. ભરૂચ એલસીબીએ અંકલેશ્વર હાઈવે પર આવેલી ચૌધરી પેલેસ હોટલના પાર્કિંગમાંથી દારૂ ભરેલો ટેમ્પો ઝડપી પાડયો છે. એલસીબીની ટીમે નેશનલ હાઈવે નં. 48 પર આવેલ ચૌધરી પેલેસ હોટલ પાર્કિંગમાં દારૂ ભરેલો ટેમ્પો પાર્ક કરાયો હોવાની બાતમીના આધારે તપાસ આદરી હતી. ટેમ્પાની તલાશી લેવામાં આવતાં તેમાં બટાકાની વેફરની આડમાં દારૂની બોટલો સંતાડવામાં આવી હતી. હરિયાણાના ટ્રક ડ્રાઈવર પ્રદીપ ખુશી રામ જાટ અને ક્લીનર જીતેન્દ્ર કવરસીંગ કૌશિકની અટકાયત કરી પૂછપરછ કરતાં તેઓ હરિયાણાથી દારૂ ભરીને સુરત લઈ જતાં હોવાની કબુલાત કરી હતી. 8 લાખનો દારૂ તથા ટેમ્પા સહિત 16.57 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. હરિયાણાથી દારૂનો જથ્થો ભરી આપનારા બે ઈસમોને વોન્ટેડ જાહેર કરાયાં છે.

**DATE: 15/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### એલસીબીએ દરોડો પાડ્યો, આરોપી વોન્ટેડ

# મહાદેવ નગરમાં બૂટલેગરના ઘરમાંથી દારૂનો જથ્થો મળ્યો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના જ્યોતિનગર પાસે આવેલાં મહાદેવ નગર ખાતે રહેતા સ્વપનિલ અજય ચૌહાણે તેના ઘરમાં વિદેશીદારૂનો જથ્થો સંતાડ્યો હોવાની ચોક્કસ બાતમી ભરૂચ એલસીબીની ટીમને મળી હતી.

જેના પગલે ટીમે તેના ઘરે દરોડો પાડ્યો હતો. જોકે, પોલીસ તેના ઘરે પહોંચી ત્યારે ઘર ખુલ્લું હતું પરંતુ તે ઘરમાં હાજર મળ્યો ન હતો. ટીમે તેના ઘરમાં તપાસ કરતાં તેમને 8 કાપડના થેલામાં વિદેશીદારૂની અલગ અલગ બ્રાન્ડની 750 મીલીની કુલ 33,600ની મત્તાની 86 બોટલો મળી આવી હતી. ટીમે તમામ મુદ્દામાલ જપ્ત કરી ભરૂચ સી ડિવિઝન પોલીસ મથકે તેની સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો. જેના પગલે પોલીસે તેને શોધવા માટે ટીમો બનાવ્યાં હતાં.

**DATE: 15/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

ગેંગના સાગરીતો કુનેહથી ગુનાને અંજામ આપતા હતા

# મેવાતી ગેંગના સાગરીતો ઝડપાઈ જતાં ગુનાખોરી ઘટવાની શક્યતા

## ભરૂચ પોલીસે એટીએમ ચોરીના બનાવ સંદર્ભે સાગરીતોને ઝડપ્યા

। ભરૂચ ।

માત્ર ભરૂચ જિલ્લાના જ નહી પરંતુ ગુજરાત અને અન્ય રાજયોમાં એટીએમ ચોરીમાં માહિર તેમજ અન્ય ચોરીઓ તેમજ ધાડ અને લુંટ અને શારિરીક ગુનાઓ સાથે સંકળાયેલા કુખ્યાત બનેલી હરિયાણાની મેવાતી ગેંગના સાગરિતોને ભરૂચ પોલીસે એટીએમ ચોરીના બનાવ અંગે ઝડપી પાડતા હાલ સમગ્ર ગુજરાત રાજય સહિત અન્ય રાજયમાં ગુનાખોરીનો આંક ઓછો રહેવાની શક્યતાઓ વ્યક્ત થઈ રહી છે. મેવાતી ગેંગના સભ્યો અથવા તો સાગરિતો ખુબ કુનેહથી ગુનાને અંજામ આપતા હોય છે એટલુ જ નહી પરંતુ આયોજનબદ્ધ કામ કરતી આ ગેંગ ઘાતકી અને જોખમકારક પણ પુરવાર થઈ છે.

સૌ પ્રથમ મેવાતી ગેંગની માહિતી એકત્રિત કરવાની કામગીરી ઘણી સુક્ષ્મ હોય છે જેમાં રેકી કરી વિવિધ માહિતીઓ ભેગી કરવામાં આવે છે. આ માહિતીઓના એનાલીસીસ પરથી લૂંટ કે ધાડના બનાવને અંજામ આપવાની યોજના ઘડવામાં આવે છે. ખાસ ખાસિયત એ છે કે જે વિસ્તારમાં એટીએમની ચોરી કરવાની હોય અથવા તો કોઈ અન્ય ગુનો કરવાનો હોય તે વિસ્તારમાં સ્થાયી મકાન રાખીને સમગ્ર બાબતો વોચ કરી માહિતી મેળવતા આ ગેંગ ખુબ ચોકસાઈથી વિવિધ ગુનાને અંજામ આપે છે. ભરૂચ પોલીસે દિવસો સુધી સતત મહેનત કરી આશરે ૫૦૦ કરતા પણ વધારે સીસીટીવી ફૂટેજ નિહાળી અને તેને લીંકેજ કરી ભરૂચ જિલ્લા પોલીસવડા મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ ગુનો ડીટેકશન કરવા માટે રોપમેપ બનાવ્યો હતો. ભરૂચ જિલ્લાની એલસીબી, એસઓજી અને અન્ય પોલીસ પણ આ ગુનાની તપાસ અંગે સતત કાર્યરત હતી ત્યારે હજી પણ આવનારા દિવસોમાં આ ગેંગના સાગરિતો ઝડપાઈ તેવી શકયતા જણાય રહી છે. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે, અત્યાર સુધી જેટલા પણ ગેંગના સાગરિતો ઝડપાયા છે તેઓનો ખુબ લાંબો ગુનાહિત ઈતિહાસ છે. આવો ઈતિહાસ ધરાવતા ગુનેગારો ને ભરૂચ પોલીસ ઝડપી પાડે અથવા તો પર્દાફાશ કરે તે બાબત ખુબ નોંધપાત્ર કહી શકાય.

### ગેસ કટરના નિષ્ણાત ગેંગમાં સામેલ

ભરૂચ જિલ્લાના વાગરા પંથકમાં એટીએમ ચોરીના બનાવમાં સૌથી નોંધપાત્ર બાબત એ છે કે, આ બનાવમાં ગેસ કટરનો ખુબ ઉપયોગ કરવામાં આવ્યો હતો. મેવાતી ગેંગના ગેસ કટરનો ઉપયોગ કરવા માટે ગુનેગારોએ ગણતરીના સમયમાં એટીએમના તમામ ભાગો જુદા કરી દીધા હોય એમ કહી શકાય અને આના માટે એક ઉદાહરણ એવુ આપવામાં આવે છે કે જયારે બાઈક કે અન્ય વાહનની ચોરી થાય ત્યારે ચોરી કરનાર ભંગારીયાને વેચે કે તે સાથે જ ગણતરીના મીનિટોમાં ભંગારીયા બાઈકના તમામ સ્પેરપાર્ટસો જુદા પાડી તેનુ વેચાણ કરી દેતા હોય છે તેવી જ રીતે મેવાતી ગેંગ એટીએમના તમામ ભાગો ખુબ ઓછામાં સમયમાં છુટા કરી શકે છે.

### મેવાતી ગેંગ પ્રોફેશનલ ગેંગ તરીકે કુખ્યાત

ભરૂચ પોલીસે એટીએમ ચોરીના ગુના અંગે જે રીતે સફળતા મેળવી છે તે એટલા માટે પણ નોંધપાત્ર છે કે મેવાતી ગેંગ એક પ્રોફેશનલ ગેંગ હોવાનું કહેવાય છે ત્યારે ભરૂચ પોલીસે આવી ગેંગની ભૂલો અત્યંત બારીકાઈથી શોધી કાઢી હતી અને ત્યારદબાદ ગેંગે કરેલી ભૂલોને સાંકળીને પોલીસ તપાસનુ નેટવર્ક ઉભુ કર્યું તેમાં સફળતા મેળવી હતી.

**DATE: 16/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

### ઝઘડિયા તાલુકાના નાનાસાંજા ફાટકના વળાંક પર

# મહિલા વનકર્મચારીને કચડીને નાસી જનાર ડમ્પર ચાલકની ગણતરીના કલાકોમાં ધરપકડ

ઝઘડિયા,તા.૧૫

ભરૂચ જિલ્લાના દહેજના વતની અને કેવડિયા વન વિભાગમાં બીટગાર્ડ તરીકે ફરજ બજાવતા મહિલા કર્મચારીની ગુરૂવારે ઝઘડિયા તાલુકાની નાનાસાંજા ફાટક પાસે હાઈવા ડમ્પરની ટક્કરે ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. પોલીસે બનાવ બન્યાના ગણતરીના કલાકોમાં ફરાર ડમ્પર ચાલકને ઝડપી લીધો હતો.

## ડમ્પરની ટક્કરમાં સ્કૂટર ચાલક પિતાનો આબાદ બચાવ, પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે ઝડપી પાડ્યો

કેવડીયા વનવિભાગમાં બીટગાર્ડ તરીકે ફરજ બજાવતા મહિલા વન કર્મચારી કવિતાબેન કાંતિલાલ ગોહિલ ગઈકાલે સાંજે તેમના પિતા કાંતિલાલ



સાથે ઘરે દહેજ જઈ રહ્યા હતાં. તે સમયે નાનાસાંજા ફાટકના વળાંક પાસે પાછળથી પૂરઝડપે આવેલા હાઈવા ડમ્પરના ચાલકે તેમના સ્કૂટરને ટક્કર મારતાં બંને પિતા-પુત્રી રોડ પર ફંગોળાયા હતાં. જેમાં ડમ્પરના વ્હીલ કવિતાબેન ઉપરથી ફરી વળતાં તેમનું ઘટના સ્થળે કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે તેમના પિતાનો આબાદ બચાવ થયો હતો.

બનાવ બાદ ડમ્પરનો ચાલક ફરાર થઈ ગયો હતો. જેથી પોલીસે ફરાર ડમ્પરચાલકની તપાસ હાથ ધરી હતી. પોલીસે હાઈવે પરના સીસીટીવીના ફૂટેજના આધારે ગણતરીના કલાકોમાં જ ફરાર ડમ્પર ચાલક રૂપક જેસલભાઈ વસાવા (ઉં.વ. ૩૦, રહે. રઝલવાડા, તા. ઝઘડિયા) ને ઝડપી લઈ તેની સામે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

**અકસ્માતનો બનાવ પાછળ આવતી કારના કેમેરામાં કેદ**

આ ગમખ્વાર અકસ્માતનો બનાવ પાછળ આવતી કારના કેમેરામાં કેદ થઈ ગયો હતો. જેના આધારે પોલીસે ફરાર થઈ ગયેલા ડમ્પરના ચાલકની શોધખોળ હાથ ધરી હતી. તેમજ ગણતરીના કલાકોમાં જ ડમ્પરના ચાલકને ઝડપી પાડ્યો હતો.

**DATE: 16/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### પોલીસે 5 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો

# પરિયેજ ગામે જુગાર રમતાં 5 જણા ઝડપાયાં, એક ફરાર

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ તાલુકામાં આવેલાં પરિયેજ ગામે રોયલ પાર્ક સોસાયટી પાસે બાવળિયામાં કેટલાંક શખ્સોએ જુગારની મહેફિલ જમાવી હોવાની ચોક્કસ બાતમી ભરૂચ તાલુકા પોલીસને મળી હતી. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડતાં જુગારિયાઓમાં દોડધામ મચી હતી. જોકે, પોલીસે છત્રસંગ ઉર્ફે કાલીદાસ રતનસંગ પઢિયાર, ફતેસંગ બબલ રાઠોડ, યાસીન ઈસ્માઈલ ઈન્દ્રાત, હસમુખ શાંતિલાલ રાઠોડ તેમજ વિષ્ણુ ઉર્ફે મહેશ લક્ષ્મણ રાઠોડને પોલીસે ઝડપી પાડ્યાં હતાં. જ્યાં ચંદ્રકાંત ઉર્ફે સેકન્ડ ગોરધન વસાવા પોલીસને ચકમો આપી ત્યાંથી રફૂચક્કર થઈ ગયો હતો. પોલીસે ઝડપાયેલાં આરોપીની અંગઝડતીમાંથી તેમજ દાવપર લાગેલાં મળી કુલ 5 હજારથી વધુની રોકડ જપ્ત કરી હતી.

## LCBએ એક શખસને વૉન્ટેડ જાહેર કર્યો

# ડભાલ નજીકથી વાનમાથી ભરેલો રૂપિયા ૨૬ હજારનો દારૂ ઝડપાયો

ઝઘડિયા : ભરૂચ લોકલ ક્રાઇમ બ્રાન્ચની ટીમે ઝઘડિયા તાલુકાના ડભાલ ગામ આગળ કેનાલ રોડ ઉપર ઇકો ગાડીમાં ભરેલ ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો ઝડપી લઈને એક ઇસમને વોન્ટેડ જાહેર કર્યો હતો. ઉચ્ચ અધિકારીઓ તરફથી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે માટે દારૂ જુગારની બદી અટકાવવા જિલ્લાના પોલીસ વિભાગને સુચનાઓ આપવામાં આવેલ.તેના અનુસંધાને ભરૂચ લોકલ ક્રાઇમ બ્રાન્ચ પીઆઇ એમ.પી.વાળાના માર્ગદર્શન હેઠળ આજરોજ એલસીબી પીએસઆઇ એમ.એમ.રાઠોડ ટીમ સાથે ઝઘડિયા તાલુકાના ઉમલ્લા પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન બાતમી મળેલ કે કપાટ રોડ ચંદનીયા તરફથી વહેલી સવારે મોગલ રાયસીંગભાઇ વસાવા નામનો ઇસમ ઇકો ગાડીમાં ઇંગ્લીશ દારૂ ભરીને ઉમલ્લા તરફ આવનાર છે. એલસીબીની ટીમે મળેલ બાતમીના આધારે ડભાલ



ગામ આગળ કેનાલ રોડ ઉપરથી સદર ઇકો ગાડી પકડી લઇને તેમાં ભરેલ ભારતીય બનાવટના વિદેશી દારૂની નાનીમોટી બોટલ તથા બીયર ટીન નંગ- ૨૬૫ કિંમત રૂપિયા ૨૬,૫૦૦/- નો મુદામાલ ઝડપી લઇને ઇકો ગાડીના ચાલક મોગલભાઇ રાયસિંગભાઇવસાવા રહે. પહાડ ફળીયુ ડભાલ ગામ તા.ઝગડિયા જિ.ભરૂચનાને વોન્ટેડ જાહેર કરીને ઉમલ્લા પોલીસ મથક ખાતે ગુનો નોંધાવ્યો હતો. પોલીસે ભારતીય બનાવટના વિદેશી દારૂનો રૂપિયા ૨૬,૫૦૦ નો જથ્થો તેમજ ઇકો ગાડી કિંમત રૂપિયા ૩,૦૦,૦૦૦ મળીને કુલ રૂપિયા ૩,૨૬,૫૦૦નો મુદામાલ કબજે લીધો હતો.